# ચૂંટણીમાં ફરજ બજાવનાર કર્મચારીઓએ ચોવીસ કલાક જાગી ઉજાગરા કર્યા

## રામ તારી વાડીમાં કોના છે વિવાહ, કોના છે વિવાહ કોના છે ઉજાગરા જેવો કર્મચારીઓનો ઘાટ

ગાંધીનગર, તા. ૧

રાજ્યમાં ચૂંટણી સુખરૂપ સંપન્ન થઈ ગઈ. ૭૧ દિવસ સુધી ચાલનારી ચૂંટણી પ્રક્રિયામાં રાજકીય પક્ષો ઉપરાંત સરકારી કર્મચારીઓને પણ ઉજાગરા થયા છે. ગઈકાલે સંપન્ન થયેલ ચૂંટણીમાં મતદાન કરાવનાર અધિકારીઓને ચોવીસ કલાક ફરજ કરવી પડી હતી. મતદાનના દિવસે સવારે નિકળેલા કર્મચારીઓ બીજા દિવસે સવારે પરત ફરતા હાંશકારો થવા પામ્યો છે.

ગઈકાલે ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં સાતમાં તબક્કાનું મતદાન થવા પામ્યુ હતુ. ચૂંટણીમાં ઉમેદવારોથી માંડીને કાર્યકરો, મતદારો અને કર્મચારીઓને ખુબજ પરસેવો પડ્યો છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં પણ મતદારોએ વિક્રમી મતદાન કર્યુ છે.

મતદાનની જવાબદારી સંભાળનાર કર્મચારીઓને આખી રાત જાગી ઉજાગરો કરવાનો વારો આવ્યો હતો. જે કર્મચારી મતદાનના આગળના દિવસે ઘરેથી નિકળ્યા હતા, તે કર્મચારીઓ મતદાનના બીજા દિવસે ઘરે પહોંચતા હાંશકારો અનુભવ્યો હતો. ઘણા બધા નવા કર્મચારીઓને પોતાના નાના છોકરા અને પત્નીને ઘરે એકલા મુકી મતદાનની જવાબદારી સંભાળી હતી.

પોતાના પિતા રાત્રે સમયસર ઘરે ન પહોંચતા નાના બાળકો પણ મમ્મીને પુછતા હતા કે મમ્મી પપ્પા ક્યારે આવશે ત્યારે બીજા દિવસે ઘરે પહોંચેલા પોતાના પિતાને પણ પ્રશ્ન કરતા જોવા મળ્યા છે. ત્યારે ઘરે પહોંચેલા કર્મચારીએ પણ ઘરે પહોંચીને હાંશકારો અનુભવ્યો છે.

મતદાનના દિવસે કર્મચારીઓને બપોરે પારલે બિસ્કીટનો નાસ્તો આપવામાં આવ્યો હતો. ત્યારે ઘણા બધા કર્મચારીઓએ પોતાનો બળાપો કાઢ્યો છે. તો ચોવીસ કલાક ઉપરાંત આ પ્રક્રિયામાં જોતરાયેલા કર્મચારીઓના મોંઢામાંથી રીતસર આ શબ્દો નિકળ્યા હતા કે હાશ, આ ચૂંટણી પતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત સે-૨૩ કેમ્પસની પ્રાથમિક શાળાઓનું પરિણામની જાહેરાત વિધિવત રીતે કરાઈ હતી.વાલીઓ અને વિદ્યાર્થીઓ કેમ્પસની બહાર કાઉન્ટર ઉપરથી જ પરિણામ મેળવી લેતા હતા. એક તબક્કે ભારે ભીડ થતાં ભારે કોલાહલ સર્જાયો હતો. પરંતુ ધીમે ધીમે વ્યવસ્થા ગોઠવાતા શિસ્તબદ્ધ રીતે વાલીઓએ પોતાના સંતાનનું પરિણામ મેળવ્યું હતું.

*(તસવીર : દિપક જાની)*

# વિટકોસ બસ સેવા સામે વ્યાપક ફરિયાદો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના શહેરીજનોને આંતરિક મુસાફરી સરળ બને તે હેતુથી શહેરી બસ સેવા વિટકોસને કરાર આધારિત પરવાનો અપાયો હતો. પરંતુ ગાંધીનગર શહેરની બહાર કમાણી વધુ દેખાતા શહેરીજનોની સમસ્યાને બાજુમાં હડસેલી ચિલોડા, ચાંદખેડા વાવોલ, ઉનાવા, પેથાપુર વગેરે સ્થળોએ બસોને દોડાવાઈ રહી છે. આ બસોને સીએનજીથી ચલાવવા ફરજ પડાઈ હતી છતાં પણ હાલ બસોને ડીઝલથી ચલાવાઈ રહી છે જેથી શહેરમાં પ્રદુષણનું પ્રમાણ ખુબ જ વધી ગયું છે. છતાં પ્રદુષણ નિયંત્રણ વિભાગ દ્વારા કોઈ જ કાર્યવાહી ન થતાં શહેરીજનોમાં શંકાઓ ઉભી થઈ છે.

રાજય સરકારે ગાંધીનગરને સ્વચ્છ, સુંદર, હરીયાળુ અને પ્રદુષણ મુકત રાખવા તનતોડ પ્રયાસો જારી રાખ્યા છે. પરંતુ શહેરના માર્ગો ઉપરથી ગામડાઓ તરફ દોડી રહેલી વિટકોસની બસો પ્રદુષણનું ઉત્પત્તિ સ્થાન બન્યુ હોય તેમ લાગી રહ્યું છે.



**સીએનજીથી ચલાવવાનો અપાયો હતો પરવાનો, મુસાફરીના પર્યાયનો ગેરલાભ ઉઠાવતું વિટકોસ તંત્ર**

સીએનજીથી આ બસોને ચલાવવા સુચના અપાઈ હતી અને કરાર થયેલો હતો. છતાં હાલમાં તમામ બસોને સીએનજીમાંથી ડીઝલમાં ફેરવી માર્ગો ઉપર દોડાવાઈ રહી છે. સરકારનું એસ.ટી. નિગમ સીએનજી બસો જ માર્ગ ઉપર દોડે તેવી કાર્યવાહી કરી રહ્યું છે ત્યારે વિટકોસ તેનાથી વિરૂધ્ધ વર્તન કરી રહ્યું છે. વધુમાં તમામ બસોના કિલોમીટર પૂરા થઈ ગયેલ છે અને ખખડધજ અવસ્થામાં બસો દોડાવી મુસાફરોના જોખમે કમાણી જ એક ઉદ્દેશ હોય તેવું વિટકોસમાં દેખાઈ રહ્યું છે.

૩૫ બેઠક અને ૧૦ ઉભા મુસાફરોની ક્ષમતા હોવા છતાં ખીચોખીચ મુસાફરો ભરીને લઈ જવાય છે. જેમાં બસના ટાયર પણ ચાલે તેવા ન હોવા છતાં વિટકોસ તંત્ર સાહસ કરી રહ્યું છે. પ્રદુષણ નિયંત્રણ વિભાગ, વાહન વ્યવહાર કચેરી, મ્યુનિ. કોર્પોરેશન તથા લેબ વિભાગ આ અંગે યોગ્ય તપાસ કરે તો અનેક બાબતોનું ઉલ્લંઘન બહાર આવવાની શકયતા મુસાફરો જણાવી રહ્યા છે. ફકત કમાણીનો જ માર્ગ અપનાવતા વિટકોસ તંત્રને બંધ કરવાની માંગ પણ મુસાફરોએ કરી છે.

# હોસ્ટેલમાં વિદ્યાર્થી ન્હાવા ગયો ને લેપટોપ ચોરાઈ ગયું !!

## પંડિત દીનદયાળ પેટ્રોલીયમ યુનિ.ની હોસ્ટેલમાં બનેલી ઘટના : પોલીસ ફરિયાદ દાખલ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર નજીક આવેલા રાયસણ ગામની સીમમાં સ્થિત પી.ડી.પી.યુ.ની હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરતો એક વિદ્યાર્થી સવારે ન્હાવા ગયો અને અડધો કલાકમાં બહાર નીકળ્યો ત્યાં સુધીમાં કોઈ શખ્સ તેનું રૂમમાં પડેલું સોની કંપનીનું લેપટોપ ચોરીને ફરાર થઈ ગયો હતો. હોસ્ટેલનું જે કોઈ વ્યક્તિ ચોરી કરી ગયું હોવાની શંકા દર્શાવી વિદ્યાર્થીએ અડાલજ પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

મધ્યપ્રદેશના ઈન્દોર વિસ્તારનો મૂળ રહેવાસી દિનેશ પ્રેમચંદજી જૈન ગાંધીનગર નજીક આવેલી પંડિત દીનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી ખાતે અભ્યાસ કરે છે અને ત્યાં જ હોસ્ટેલમાં રહે છે. ૨૭ એપ્રિલે સવારે ૮ વાગ્યાના અરસામાં દિનેશ પોતાના રૂમના બાથરૂમમાં ન્હાવા ગયો અને સાડા આઠ વાગ્યે બહાર નીકળ્યો તેટલા સમયગાળામાં કોઈ શખ્સ તેના રૂમમાં આવીને બેડ ઉપર પડેલુ સોની કંપનીનું આશરે ૩૦ હજારની કિંમતનું લેપટોપ ચોરી કરી ગયું હતું. દિનેશે આ અંગે અડાલજ પોલીસમથકમાં ફરિયાદ કરતા પોલીસે ચોરીનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. હોસ્ટેલના જ કોઈ વ્યક્તિની ચોરીમાં સંડોવણી હોવાની શકયતાને પગલે પોલીસે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# લેઉવા પાટીદારનો વેવિશાળ પસંદગી સમારોહ યોજાશે

ગાંધીનગર, તા.૧

લેઉવા પાટીદાર સમાજ દ્વારા વેવિશાળ પસંદગી સમારંભ તા. ૪ મે રવિવાર સવારે ૯.૩૦ વાગે ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજવામાં આવશે. સમાજ ઉપયોગી પ્રવૃત્તિના સહયોગ માટે લેઉવા પાટીદાર વેવિશાળ પસંદગી સમારોહ યોજાશે. સમારંભના અધ્યક્ષ પદે હિંમતભાઈ ધોળકિયા ઉપસ્થિત રહેશે તેમજ સમાજના અગ્રણીઓ અને જ્ઞાતિ બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

# રામદેવના દલિતો વિરોધી નિવેદને દલિત સેનાએ શખ્ત શબ્દોમાં વખોડી નાખ્યું

ગાંધીનગર, તા. ૧

રામદેવના દલિત-વિરોધી વિવાદાસ્પદ અને દલિતોની લાગણી દુભાવવાનારા નિવેદનને ગાંધીનગર જિલ્લા દલિત સેનાએ શખ્ત શબ્દોમાં વખોડી નાખ્યુ છે. અને તાત્કાલિક ધોરણે ધરપકડ કરી જેલભેગા કરવા ઉગ્ર માંગ કરી છે.

ઢોંગી રામદેવ ભગવા વસ્ત્રો ધારણ કરી રાજકીય પીઠબળના સહારે મન ફાવે તેવા વાણી વિલાસ કરે છે. તેણે તાજેતરમાં જ કરેલા ઉચ્ચારણો, દલિત સમાજને હડધૂત કરતાયે નીચી કક્ષાએ ગણી દલિતોનું અપમાન કર્યું છે. તેના આવા નિમ્ન કક્ષાના નિવેદનથી દલિત સમાજ અને બુદ્ધિજીવી વર્ગને પણ હચમચાવેલ છે. પોતાના કરતૂતોને ઢાંકવા અને આવનાર રાજકીય લાભને ખાટવા માટે પોતે બચવા કવચ તૈયાર કરી રહેલ છે. અને તેમના આ પ્રકારના બેશરમ વાણીને દલિત સેના તિરસ્કારે છે. અને આથી તાત્કાલિક રામદેવની ધરપકડ કરવામાં આવે તેવી માંગ કરી છે. અન્યથા દલિત સમાજને આંદોલન કરવાની ફરજ પડશે તેમ ગાંધીનગર જિલ્લા દલિતસેનાના પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ જણાવ્યું છે.

# મતદારયાદીમાંથી નામ ગાયબ થતા જાગૃત મતદારે ઓનલાઈન ફરિયાદ કરી

પાલનપુર, તા. ૧

લોકસભાની ચૂંટણીમાં મતદાનમાંથી હાઈ-વે વિસ્તારની સોસાયટીના અનેક મતદારોના નામ લેટેસ્ટ યાદીમાંથી ગાયબ થઈ જતા આબુ હાઈવે પર ચંદ્રલોક સોસાયટીમાં રહેતા રશ્મિકાન્ત જોષીએ ચૂંટણી કમિશનર અનિતા કરવાલને ઓનલાઈન ફરિયાદ કર્યાનું જાણવા મળ્યું છે. અંદાજે ૧૨૫ થી વધુ ણતદારોને તેમના મતદાન નાહકથી જે તે સમયે મતદાર યાદીની કામગીરી કરતા બી.એલ.ઓ.ની બેદરકારી કારણભૂત હોવાનું મતદારોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

# આજે સે. ૩-ડીમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા. ૧

મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ શુક્રવાર બપોરે ૨ થી ૫ દરમિયાન સેક્ટર-૩-ડી, રામજી મંદિરે યોજવામાં આવશે. આનંદના ગરબામાં ભાવિભક્તોને લાભ લેવા પ્રફુલાબેન ભાવસારે જણાવ્યુ છે.



સિવિલના કમ્પાઉન્ડમાં સુપર માર્કેટનું બોર્ડ : કોઈ અનુસંધાન નહીં, કોઈ દિશા દર્શન નહીં, કોઈ દુકાન નહીં, કોઈ માર્કેટ નહીં આમ છતાં સિવિલ કમ્પાઉન્ડમાં આ બોર્ડ છે. સત્તાવાહકોને ય ખબર નથી અને વિશાલ સુપર માર્કેટના માલિકોને પણ ખબર નથી કે આ બોર્ડ કોણે, શું કરવા, કયારે અહીં લગાડયું એ પ્રશ્નો આજે પણ અકબંધ છે. કોઈની પાસે જવાબ નથી, કોઈ કંઈ કરવા માંગતું નથી. સમજાતું નથી કોણ કરશે આ વાત? કોણ હટાવશે આ બોર્ડ?

*(તસવીર : કશ્યપ નિમાવત)*

# ખેતીકામ કરતી મહિલાને પોસ્ટલ બેલેટ ઈશ્યુ થઈ ગયુ જણાવી મતદાનથી વંચિત રખાઈ

## ચૂંટણી પંચનો વધુ એક છબરડો

ચિલોડા, તા. ૧

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીઓ માટે ગઈકાલે મતદાન યોજાયું હતું. જેમાં મતદારોએ જંગી મતદાન કરી લોકશાહીના આ પર્વને વધાવી લીધુ હતુ. મતદારોના અનન્ય ઉત્સાહમાં ચૂંટણીપંચ દ્વારા કેટલીક ખામીઓના કારણે પંચર પડ્યું હતું. આવા જ એક કિસ્સામાં ચિલોડાના મતદાર સીતાબેન પ્રવિણભાઈ પટેલને ખેતીકામ કરતા હોવા છતાં તેમના નામનું પોસ્ટલ બેલેટ ઈશ્યુ થઈ ગયું હોવાના કારણઓસર મતદાનથી વંચીત રહેવુ પડ્યું હતું.

બનાવની વિગતો જોતા ચિલોડા ગામના મહિલા મતદાર સીતાબેન પ્રવિણભાઈ પટેલ જેમનો મતદાન નોંધણી નંબર ૬૧૦ છે તેઓ ચિલોડાના મતદાન મથકે મત આપવા પહોંચ્યા હતા. સીતાબેન પાસે ચૂંટણીતંત્ર દ્વારા ઈસ્યુ કરાયેલ ફોટાવાળી સ્લીપ પણ હતી તેમજ તેમનું ઓરીજનલ ચૂંટણી ઓળખ પત્ર પણ તેમની સાથે જ હતુ, પરંતુ તેઓ જયારે તેમની સ્લીપમાં દર્શાવેલ મતદાન મથક ભાગ-૪૨ રૂમ નં. ૧ ખાતે મત આપવા પહોંચ્યા ત્યારે પ્રિસાઈડીંગ ઓફિસરે તેમને કહ્યું કે તમારા નામનુ તો પોસ્ટલ બેલેટ ઈશ્યુ થઈ ગયેલુ છે. તેથી તમે વોટ નહી કરી શકો. આ સાંભળી સીતાબહેન આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા. તેમણે ચૂંટણી અધિકારીને કહ્યું હતું કે 'સાહેબ હુ 'તો ખેતીકામ કરૂ છુ, સરકારી કર્મચારી નથી તો મારૂ પોસ્ટલ બેલેટ કેવી રીતે ઈશ્યુ થઈ શકે ?'

સીતાબેનના સવાલ સામે ચૂંટણી અધિકારી પણ મુંઝાઈ ગયા હતા પરંતુ તેમણએ સીતાબેનને પોસ્ટલ બેલેટ ઈશ્યુ થઈ ગયુ હોવાનું રેકોર્ડમાં હોવાથી મતદાન કરવા અનુમતિ આપી નહોતી. સીતાબેને આ અધિકારી સહિત તમામ ચૂંટણી કર્મચારીઓ સમક્ષ મત આપવા રીતસરની આજીજી કરી છતાં અધિકારીઓ ટસના મસ થયા નહોતા. આમ સીતાબેનને તેમના મત આપવાના અધઈકારથઈ વંચિત રહેવું પડ્યું હતું.

# આ વર્ષે ચોમાસુ સારૂ રહેવાની વકી : અંબાલાલ પટેલ

ગાંધીનગર, તા. ૧

એક તરફ હવામાન ખાતા તરફથી આ વર્ષે ચોમાસુ નબળુ રહેવાની આગાહી કરવામાં આવી છે ત્યારે બીજી તરફ ગાંધીનગરના વરીષ્ઠ જ્યોતિષી અંબાલાલ દામોદરદાસ પટેલે ચાલુ વર્ષે ચોમાસુ એકંદરે સારૂ રહેવાની વકી જણાવી છે. આ આગાહી તેમણે અલનીનોની અસર અને અન્ય બાબતોના આધારે કરી છે.

અખાત્રીજના દિવસે આવનાર ચોમાસુ કેવુ રહેશે, ધાન્યાધિ કૃષિ ઉપજના ભાવતાલ કેવા રહેશે તે અંગેના વર્તારા અનુભવી ખેડૂત ભાઈઓ અને પ્રાચીન વર્ષાના શાસ્ત્રને જાણનારા વિવિધ રીતરસમોથી વર્તારા કાઢે છે. અખાત્રીજનો પવન, વનસ્પતિ, જીવજંતુ, ભૂતળ અને ખગોળ વિગેરેના યોગોથી આ વર્તારા કાઢતા હોય છે. સામાન્ય રીતે અખાત્રીજ એ ઉનાળાનો મધ્ય છે. એટલે અખાત્રીજે ઉનાળુ પવન વાય તો સારૂ, આ દિવસે સૂર્યો (વાયવ્યનો પવન) સારો. આ વખતે દિવસે પવન પશ્ચિમનો અને ક્યાંક ક્યાંક પશ્ચિમથી દક્ષિણ તરફ જવાની વકી છે. ચોમાસુ અનિયમિત રહેવા છતાં વરસાદ સારો પડે. રોહિણી સૂર્ય નક્ષત્ર બેસતા એટલે તારીખ ૨૫મી મે થી ૨૮મી મે વચ્ચે વરસાદ થશે તો ચોમાસુ મોડુ બેસે.

ગરમીના માપ માટે ચંદ્ર ઉત્તરમાં અને સૂર્ય દક્ષિણ તરફ નમતો હોય તો સારૂ. આથી હિન્દી મહાસાગર તરફ સૂર્યની ગરમી કેવી રહેશે તેનુ અનુમાન થાય છે. જે અંગેની રીત જોઈએ તો સવારે-બપોરે સવા હાથની સીધી લાકડી યોગ રાડુ વિગેરે લઈ પડછાયાનું માપ કાઢે છે. આ વખતે ઉત્તરમાં પડછાયો જાય તો સૂર્ય દક્ષિણ તરફ ઢળતો જણાય. ભાવતાલ અંગે જે તે વસ્તુઓના કૃષિ નિપજના ભાવ અંગે જોતા જ્યાં કીડીઓ ઉભરાતી હોય છે ત્યાં અખાત્રીજે ધાન્યાધિ તલ, કપાસ વિગેરે મૂકવા. જે વસ્તુનો ખેંચાણ બીજા દિવસે એટલે કે ગણેશ ચોથના દિવસે કીડીઓ ન ખેંચે તે વસ્તુ સારી પાકે.

અખાત્રીજે કુવાના પાણી ઉંચે આવતા હોય છે, આથી કુવાનુ પાણી હોય તે કરતા વધી જાય તો વર્ષ સારૂ આવે. વર્ષાગર્ભ તેમજ ગ્રહ વિગેરે આધારે ઈસવીસન ૧૯૨૬, ૧૯૫૫, અને ૧૯૮૪માં પડેલા વરસાદના આંકડા સાથે હાલના ભૂભૌગોલિક બળો તેમજ શિયાળુ હવામાન, હોળીનો પવન અને ઉનાળાના લક્ષણો જોતા હાલના અંદાજથી રાજ્યના જુદા જુદા જિલ્લાના ભાગમાં વરસાદનું અનુમાન કરતા (વધુ અનુમાન દેશના મધ્ય ભાગમાં ને માસની ગરમી તેમજ અન્ય યોગો ઉપરથી હવે પછી અંદાજ કાઢી શકાશે) પરંતુ તે પૂર્વેના વરસાદનો અંદાજ જોતા સાથે આપેલ અનુમાન મુજબ વરસાદ રહેવાની વકી રહે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૧૦
સૂર્યાસ્ત : ૭.૦૪

## તાપમાન

મહત્તમ : ૪૨.૨ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૭ ટકા ● સાંજે ૧૩ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
સ્પાઈડરમેન-૨ (૩ડી-અંગ્રેજી) : ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
: સ્ક્રીન-૨ :
કહી હે મેરા પ્યાર : ૧૦.૦૦, ૭.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૨.૪૫, ૩.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
પુરાની જીન્સ : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૧૫, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૬.૦૦, ૮.૦૦
: સ્ક્રીન-૪ :
૨ સ્ટેટસ્ વન લવ : ૩.૪૫
કયા દિલ્હી કયા લાહોર : ૮.૦૦
૨ સ્ટેટસ્ વન લવ : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કાંચી : ૧૦.૧૫, ૧.૨૫, ૪.૩૫, ૧૦.૨૫
સમ્રાટ એન્ડ કો. : ૭.૪૫
: સ્ક્રીન-૨ :
રીવોલ્વર રાની : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૩૦, ૮.૧૦, ૧૦.૫૦
ભૂતનાથ રીટર્ન : ૫.૧૦
: સ્ક્રીન-૩ :
૨ સ્ટેટસ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૨૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સમ્રાટ એન્ડ કો. : ૯.૦૦, ૧૨.૦૦
૨ સ્ટેટસ્ : ૨.૪૦, ૫.૫૦, ૯.૦૦

### આર વર્લ્ડ (અડાલજ)

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

### સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રેમને અર્પણ મારી જીંદગી : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
પુરાની જીન્સ : ૧૧.૦૦, ૧૦.૦૦
કયા દિલ્હી કયા લાહોર : ૨.૦૦, ૭.૩૦
૨ સ્ટેટ્સ : ૪.૧૫
: સ્ક્રીન-૨ :
સ્પાઈડર મેન-૨ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૩ :
કહી હે મેરા પ્યાર : ૧૦.૦૦, ૪.૦૦
ભૂતનાથ રીર્ટન : ૧.૦૦
૨ સ્ટેટ્સ : ૭.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : વ્યસ્તતા રહેશે. જીવનમાં તનાવ વધશે. વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે.

**મિથુન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : જૂની વસ્તુઓ પ્રત્યે રૂચિ જાગૃત થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. ધાર્મિક સ્થળોની યાત્રાનો યોગ છે.

**કન્યા** : આવકના સ્ત્રોતોથી વિશિષ્ટ લાભ પ્રાપ્તિનો યોગ. ભાગીદારીથી વિશેષ લાભ પ્રાપ્તિનો યોગ. વ્યાપારીક વર્ગ માટે લાભ મેળવવાની ઉત્તમ તક. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

## ચિરવિદાય

- સ્વ. મોતીબેન ચતુરભાઈ વાઘેલા (ઉ.વ.૬૦) બ્લોક નં. એ/૬, ગુજરાત મેરીટાઈન બોર્ડ, સેકટર-૧૩, ગાંધીનગર.